**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# પ્રકાશ ત્રિવેદીની નવલકથા 'વારસો'નું કથાવસ્તુ

**Navin Solanki**

Research Scholar,

School of Langauges, Gujarat University, Ahmedabad

drnavinsolanki29@gmail.com

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પ્રકાશ ત્રિવેદી સાક્ષરભૂમિ નડિયાદના વતની છે. તેઓ આઠેક વર્ષ ઓહાયોમાં રહ્યાં છે. હાલ તેઓ મુંબઈમાં સ્થાયી છે.

પ્રકાશ ત્રિવેદીએ ગુજરાતી સાહિત્યના આઠમા-નવમા દાયકાના પ્રયોગશીલ નવલકથાકાર છે. 'વારસો' નવલકથા તેમણે 1989માં લખી છે. પ્રકાશ ત્રિવેદીએ પોતાની અન્ય નવલકથાઓની જેમ જ 'વારસો' નવલકથામાં પાશ્ચાત્ય જીવન અને ભારતીય પરંપરા નૂતન પરિવેશમાં રજૂ કરી આપી છે.

'વારસો' અંગે લેખક પોતે જ નિવેદનમાં લખે છે તેમ 'વારસો'માં આપણને મળેલાં વારસોની વાત ઓછી છે અને આપણે મૂકી જવાના છીએ એ વારસાની વાત વધુ છે.'[1]

## કથાવસ્તુ :-

'વારસો' નવલકથા મુખ્ય ત્રણ ભાગમાં વહેંચાયેલી છે તેમજ પરમાણુ અણુબોમ્બ વિષયની નવીન વિષયવસ્તુ ધરાવતી નવલકથા છે.

પ્રથમ અંકમાં સ્થળ-સમય, કેલિફોર્નિયા : 1983નો છે. તારા પીએચ.ડી.ની મહાઉપાધિ મેળવી નોર્થ વેસ્ટના વિશાળ જંબો વિમાનમાં બેસીને કેલિફોર્નિયાથી હોનોલૂલૂ જઈ રહી હતી. તારાને બિથોવનનું મ્યુઝીક ગમતું. તેનાં સંગીતથી તારાને સાંત્વન, આત્મશ્રદ્ધા અને હિંમત મળતાં. બિથોવનની પાંચમી સિમ્ફની વાગી રહી હતી.

તારાએ એરહોસ્ટેટ પાસે શિવાઝ (વ્હિસ્કી) મગાવી. પછી યાદોમાં સરકવા લાગી. સર્જકે હવે બે કથાને સમાંતર રીતે વહેતી કરી છે. એક તો ફ્લાઈટનો તારાનો અનુભવ અને તેનો ભૂતકાળનો અનુભવ. એ પણ પોતાના પતિ અચ્યુત સાથેનો.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

બર્કલીમાં જોગિંગ કરવા નીકળેલી તારા કરા પડવાથી ઘરમાં પાછી આવી ગઈ. ડિનરમાં એર હોસ્ટેસ પાસે લોબ્સ્ટર મગાવ્યું ત્યારે પ્રો. રામમૂસનની યાદ આવી ગઈ. માર્ચ મહિનામાં હિમપ્રપાત થવો અજુગતું હતું. તારા ઘરમાં હીટર પાસે બેસી ગઈ. પવનના જોર અને રાત્રિના અંધકારમાં તારા ગભરાતી હતી. તારા વિજ્ઞાની હતી. અંધશ્રદ્ધાઓમાં માનતી હતી. છતાં આજે તેને કોઈ દૂરિતના એંધાણ જણાતાં હતાં. તારા બર્કલીની યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરતી હતી. એનો થીસીસ પાસ થઈ ગયો હતો. માત્ર મૌખિક પરીક્ષા બાકી હતી. પછી તે ડૉ. તારા બનવાની હતી.

બીજી બાજુ તારાના ઘરમાં ગ્રોસરી નહોતી ને હિમપ્રપાત શરૂ થઈ ગયો હતો. તેથી ફ્રિઝમાં પડેલી બિયર પીધી. રાતના અંધારામાં અચ્યુત ઘરમાં પ્રવેશે છે. તારે અચ્યુત માટે ઘણું બધું કર્યું હતું. અચ્યુત સિલિકોન વેલીમાં નોકરી કરતો હતો. પરંતુ ખરાબ સોબતને કારણે અચ્યુતની જોબ પણ ચાલી ગઈ હતી.

અચ્યુત તારાને ડરાવી ધમકાવી તેની સાથે અસભ્ય વર્તન કરી છસો ડૉલર લઈને ચાલ્યો ગયો. આ સમય દરમ્યાન અવનમાં મૂકેલી પીટ્ઝાની ચીરી બળી ગઈને અવનમાં થોડી આગ લાગી. ધુમાડો ને વાસ અતિશય થવાથી તારા બાજુની હોટલમાં સૂવા ગઈ. તે મનોમન અચ્યુતનું વેર વાળવા વિચાર કરવા લાગી.

તારા પ્રો. રામમૂસનની ખાસ શિષ્યા હતી. રામમૂસનના વિદ્યાર્થીઓ તેમના ઘરે રાતે મોડે સુધી જ્ઞાન મેળવતાં. મિસિસ રામમૂસન એમના માટે ચા-નાસ્તો પુરા પાડતાં. રામમૂસન વિદ્યાર્થીઓને ગણિત, ફિઝિક્સ તેમજ સંસ્કૃતિના મહાન સ્તંભોને સમજાવતાં.

તારાનો બર્કલી પ્રવેશ દૈવયોગ ઘટના હતી. તારા સંસ્મરણો વાગોળતી હતી. તે અચ્યુત સાથે હરતી-ફરતી પણ અચ્યુત માત્ર તેનો ઉપયોગ કરતો. તારાનું અચ્યુત સાથે પરણવું ભારે પડી ગયું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

એપાર્ટેન્ટથી નજીકની હોટેલમાં આવેલી તારા એક નાના ઓરડામાં હતી. ત્યાં જરિસેપ્શનમાંથી ફોન આવ્યો કે 330 બેલેવુડ સ્ટ્રીટમાં આગ લાગી છે. આગ વધી શકે એમ છે તો તમે તૈયાર રહેજો, કદાચ ઓરડો ખાલી કરવો પડે. તારા પથારીમાં સૂતી હતી. તારાનું મકાન તેની નજર સમક્ષ ભડભડ બળતું હતું. અચ્યુતે તો આગ નહીં લગાવી હોય ને ? એમ તે વિચારતી હતી. તેમજ આગ લાગવાના વૈજ્ઞાનિક અનુભવો પણ તે વિચારતી હતી. બળતાં ઘરની સામે તારા અચ્યુતને જોઈ રહી હતી. તારાએ મનમાં નક્કી કર્યું.

‘આજથી તારે માટે તો હું મૂઈ જ. પણ મારે માટે તું મોટું નિશાન બનવાનો. હું કે મારું ભૂત આજથી તને જંપવા નહીં દે. મન, તારાને, મારવી એટલી સહેલી નથી. આજથી હું તારો પહેલો પણ અદ્રશ્ય શત્રુ. તારા પગ નીચેની ધરતી ઉડાવી ના દઉં તો મારું નામ તારા નહીં.’[2]

લગ્ન પછી પણ તારાને અચ્યુત વચ્ચે ઝઘડો થયો હતો. તે યાદ આવી ગયું. ઝઘડાનો તણખો નાનો હતો પણ ભડકો બહુ મોટો હતો.

તારાની 11:00 વાગ્યે એલ. એ. (લોસ એન્જલસ) જવાની બસ હતી. તે જલ્દીથી તૈયાર થઈ હોટેલથી નીકળી નીચે અચ્યુત તેની આગળથી પસાર થઈ ગયો. તારાફરી વિચારોમાં સરી પડી. તારો ગ્રે-હાઉન્ડ આવી મમ્મીને ફોન કર્યો. મમ્મી લેવા આવ્યાં.

પ્રદ્યોત બર્કલીમાં જ ભણે છે. તે સાઈકોલોજિસ્ટ પાસે દવા લેવા ગયો છે. ડૉક્ટરે માઈન્ડ ડિપ્રેશન જણાવ્યું છે. સ્ત્રી મિત્રની જરૂર હોય એવું એને લાગે છે. ડૉ. હારકિન્સે થોડી શિખામણ આપી રજા આપી. પ્રદ્યોત યુનિવર્સિટીના કૉફેટેરિયામાં જમવા માટે ગયો. ત્યાં તેની મુલાકાત તારા સાથે થી. તારા પોતાની ઓળખાણ આપે છે ને બળી ગયેલા મકાન વિશે પણ જાણ કરે છે. પવનને કારણે તારા પ્રદ્યોત સાથે રૂમ પર જાય છે. તે પહેલાં બન્ને ડાઉનટાઉનના સેકન્ડ હેન્ડ બુક સ્ટોરમાં ગયાં. તારાએ એક આઈન્સ્ટાઈનની ‘આઈડિયાસ એડ

ઓપિનિયન્સ'  બુક લીધી. તારા તૈયાર થઈને ફ્રિસ્કોના એરપોર્ટ પર જવા નીકળી. તારા પ્રદ્યોતથી છૂટી પડી એરપોર્ટમાં ગઈ. પ્રદ્યોત તારા વિશે વિચારવા લાગ્યો.

તારા મુસાફરીના બીજા તબક્કામાં હોનોલૂલૂથી હોન્ગકોન્ગ થઈ રહી હતી. તારા પણ પ્રદ્યોત વિશે વિચારવા લાગી હતી. તારા હોન્ગકોન્ગથી સિન્ગાપોર થઈ મુંબઈ જવાની હતી. મુંબઈ જઈ આવનારી મુસીબતોનો ખ્યાલ ત્યજી તારા નિદ્રાધીન થઈ પણ પોતાના ધ્યેયને વળવા જમણા હાથનો અંગૂઠો ઊભો રાખે છે.

નવલકથા બીજા અંકમાં જેકસન, ઓહોયો : 1977 નો સમય દર્શાવે છે. અહીં પ્રભા અને સજલ કેન્દ્રસ્થાને છે. પ્રભા એક ખબરપત્રી છે તો સજલ માનસશાસ્ત્રી છે. બન્નેનું લગ્નજીવન સુખી છે. પ્રભા સગર્ભા હતી. પ્રભાને હમણાંથી કોઈ સ્વપ્ન પરેશાન કરતું હતું. તે જૂની યાદોમાં ખોવાઈ જતી. પણ પેટમાં રહેલાં શિશુની લાત વાગતાં તે વર્તમાનમાં આવી જાય છે. તે સજલની રાહ જોવા લાગી.

પ્રભાને ડાયનોસોર્સના સ્વપ્નાં આવતાં. તે જોતી કે નવું આવેલું બચ્ચું જોતજોતામાં મોટું થઈ ગયું. ઘરમાં ચીજ-વસ્તુઓની સાથે રમવા લાગ્યું. ઘરની વસ્તુઓની તોડફોડ પણ કરવા લાગ્યું હતું. જોતજો,તામાં બીજાં ઈંડાઓ પણ ફૂટ્યાં ને બચ્ચાં મોટાં થવા લાગ્યાં. બૂલ ડૉગ જેવા બચ્ચાંઓના રમખાણ વધવા લાગ્યાં. પ્રભા એમની સારસંભાળમાં રહેવા લાગી. તે ભયભીત થઈ જતી હતી. સજલ પણ વિચારમાં પડ્યો હતો કે પ્રભાને આવાં સ્વપ્ન કેમ આવતાં હશે ? સજલ ઑફિસ જવા નીકળે છે. ઑફિસે પહોંચે છે તો તેની સેક્રેટરી સમાચાર આપે છે કે તેમના મિસિસને હૉસ્પિટલ લઈ ગયાં છે.

પ્રભા અને શીલાબહેન હૉસ્પિટલ આવે છે. સજલ પણ ત્યાં આવી પહોંચે છે. પ્રભા શાંત ચિત્ત છે. આવનાર બેબી માટે ઘોડિયું, રમકડાં તેની ઘરવખરી વગેરે વિશે વિચારો કરતી હતી. સજલ પ્રભાની ખૂબ કાળજી રાખે છે. તે લમાઝના શિક્ષિકાબહેનની વાતો યાદ કરે છે. સતત પાંચ કલાકથી પ્રભા આ ગજગ્રાહમાં હતી. હવે તેની

શક્તિ ઓસરવા લાગી હતી. ડૉ. સ્ટોન પ્રભાને ઓપરેશન થિયેટરમાં લઈ ગયા. સજલ પ્રભાનું દુઃખ જોઈ રડવા લાગ્યો હતો.

દસ મિનિટ પછી પ્રભા શિશુને જન્મ આપે છે. તે સજલને કાનમાં કહે છે :

'શું અમર નામ રાખીશું ને ?'[3]

'માનસશાસ્ત્રી સજલ વિચારમાં પડ્યો. એને જન્મ તો આપી શક્યો પણ હવે સારું જીવન જીવવા સગવડ કરી આપી શકીશ ? આજના ડાયનાસોર્સથી બચાવી શકીશ ? એને માટે યોગ્ય આબોહવા નિર્માણ કરી શકીશ?'[4]

સજલના મનમાં અનેક પ્રશ્નો આવવા લાગ્યા.

નવલકથામાં ત્રીજું પ્રકરણ પરિવેશની દ્રષ્ટિએ મુંબઈ, ભારત : 1983ના સમયનું છે. તારા મેનન પ્રભાને મળવા આવ્યાં છે. તારા ન્યુકિલયર ફિઝીસીસ્ટ છે ને બી.એ.આર.સી.માં થિયેરેટિકલ રિસર્ચ કરે છે. તારા અને અનિલ વ્હોરા પ્રભા પાસે પરમાણું વિજ્ઞાન વિશે માહિતી મેળવવા આવ્યાં હતાં. અલબત્ત હજુ અનિલ આવ્યો ન હતો. સજલને અચાનક યાદ આવ્યું કે આજના દૈનિકમાં પ્રભાનો લેખ આવવાનો હતો. તે શોધીને વાંચવા લાગે છે. તારા તેમને જોઈ બેસી રહી.

સાપ્તાહિક પૂર્તિના પ્રથમ પાને 'વિજ્ઞાન અ વિકલ્પ-1, ડાયનાસોર્સના વંશજો' પ્રભાનો નિબંધ છવાયો હતો. જેમાં ડાયનાસોર્સનું અસ્તિત્વ પૃથ્વી પરથી કઈ રીતે નષ્ટ થયું તેની અટકળો, તેમજ તેની પાછળના વૈજ્ઞાનિક કારણો રજૂ થયા છે. એમ પણ માનવામાં આવે છે કે છસો પચાસ લાખ વર્ષ પહેલાં કોઈ મોટી ઉલ્કા કે ધૂમકેતુ પૃથ્વી પર આવી ભટકાઈ હશે. તેનાથી ઉત્પન્ન થયેલાં ધુમાડા ને રાખ તેમજ ધૂળને કારણે વાતાવરણ સૂર્યપ્રકાશવિહીન થયું હશે. તેથી પ્રકાશની અછતને કારણે દરિયાઈ જીવો અને પૃથ્વી પરના ખોરાકના

મણિકાના પ્રથમ સ્થાન ધરાવતાં જમીન પરનાં પ્રાણીઓ-ડાયનોસોર્સ નાશ પામ્યાં. પૃથ્વી પર ઇરિડિયમ ધાતુનું પ્રમાણ 160 ગણું મળી આવ્યું છે. તે સાબિત કરી આપે છે કે આ સંહાર ઉલ્કા દ્વારા જ સંભવિત હશે.

ડાયનોસોર્સનો ઇતિહાસ 110 લાખ વર્ષ જૂનો છે. જ્યારે માનવનો ઇતિહાસ તો ફક્ત 20 લાખ વર્ષ જૂનો છે. માનવીએ એવાં અણુંબોમ્બ વિકસાવ્યાં કે પૃથ્વી પર આવતી ઉલ્કાને હવામાં જ ભસ્મીભૂત કરી શકીએ.

'બિચારા ડાયનોસોર્સ! એ તો ઉલ્કા શું એ પણ જાણતા નહોતા. ત્યાં પ્રતિકારની તો વાત જ ક્યાં કરવી? એમને ભાગ્યે તો લખાયેલું હતું ધીમું, અજ્ઞાન, અકળ, અસહાય, પીડામય મૃત્યુ!'[5]

ડાયનોસોર્સ તો 1100 લાખ વર્ષ રાજ્ય કર્યું પણ માનવીના સંદર્ભે પ્રભા કહે છે :

'માનવી, બીજાં વીસ લાખ તો શું પણ બીજાં બસો વર્ષ પણ ટકી શકશે એવી ખાતરી આપણે આપી શકીશું?'[6]

'શું ડાયનોસોર્સના વંશજો કહેવડાવવાની યોગ્યતા પણ આપણે જાળવી નથી શક્યા?'[7]

પ્રભા, અનિલ, તારા અને સજલ વચ્ચે અણુયુદ્ધ વિશે ચર્ચા ચાલે છે. ચર્ચાના અંતે પ્રભા યજ્ઞના પ્રશ્નનો યુધિષ્ઠિરે આપેલો જવાબ યાદ કરે છે.

'... એણે પૂછ્યું, 'દુનિયાની સૌથી અજાયબ વસ્તુ કઈ છે?' તો યુધિષ્ઠિરે પૂરી નમ્રતાથી જવાબ આપ્યો. 'બધાનું મોત નિશ્ચિત છે છતાં બધાં જ અમર હોય એમ નિશ્ચિત હરે ફરે છે તે.''[8]

સજલ દિલ્હીમાં ભારત પ્લાસ્ટિક કંપનીમાં આવ્યો છે. ત્યાં તે પહેલીવાર પ્રદ્યોતને મળે છે. પ્રદ્યોતે તે કંપનીમાં પ્રથમ અમેરિકન રીટર્ન ભારતીય છે. સજલ કંપનીના સંશોધનમાં પ્રદ્યોત અને મિથુન સાથે વાતો કરે

છે. ત્રણેય ભારત પ્લાસ્ટિક આવ્યાં અને કંપનીના માલિક મિ. ભગતને મળે છે. ભગત સાહેબ સજલને આવવાનું કારણ પૂછે છે. તેના જવાબમાં સજલ કહે છે કે :

'એક તો નવા પદાર્થો વિષેનું સંશોધન કેમ થાય છે તે જાણવું, સમજવું. બીજું ભારતના નાના ઉદ્યોગમાં કામ  કરતાં માનવીઓની કાર્ય-જીવન ગુણવત્તા એટલે કે ક્વૉલિટી ઑફ વર્ક લાઈફ વિષે સંશોધન કરવું.'[9]

સજલ નોંધ વગરના નિરીક્ષણમાં માનતો નથી. એટલે ડાયરીમાં તે પોતાના નિરીક્ષણને ઉતારે છે. પ્રદ્યોત નાયલોનમાંથી ચંપલ બનાવવાનો પ્રયોગ આદરે છે. જેમાં એક ચંપલનું વજન 150 ગ્રામ થાય  એમ એ ઈચ્છે છે. આથી કંપનીના નફા વિશે વિચાર કરી ત્રણેય મિત્રો બિયર પીવા વિચારે છે.

તારા ડાયનાસોર્સના વિચારોમાં હતી. પ્રભાના નિબંધોથી તારા બીજાં બે પરિમાણોનો ઉમેરો તારાના સમીકરણોમાં જોડાયાં. જેમાં એક રાખ અને બીજું ધૂળ.

'... તારા કલ્પના કરી શકી કે જો અમેરિકા ને રશિયા ફક્ત એકબીજા પર જ અણુબોમ્બોથી ત્રાટકે તો યે થોડાં જ દિવસમાં પૃથ્વીનો આખો ઉત્તર વિભાગ ધૂળ, ધુમાડા અને રાખથી છવાઈ જાય અને પરિણામે ત્યાં દિવસો દુર્લભ બની જાય.'[10]

તારા બર્કલીથી મુંબઈ આવી ભાભા ઓટોમિક રિસર્ચ સેન્ટરની લાયબ્રેરીમાં અણુબોમ્બ વિષે પોતાનું આગવું સંશોધન કરી રહી હતી. સજલની મુલાકાત પછી તારા તેને પોતાનો વર હોત તો એવો વિચાર મનમાં લાવે છે. તારા સજલના એક દિવસના સાન્નિધ્યનો અનુભવ કરવા લાગી.

પ્રભા પોતાના લેખના વાચકોના જવાબની રાહ જોઈ રહી હતી. ઉપતંત્રીના મદદનીશે વાચકોના પત્રો આપ્યા. તારા ઘરે આવી પત્રો વાંચે છે. જવાબ એકંદરે સારાં આવ્યા હતા. અમર અને તારા સ્પેલિંગની રમત

રમે છે. તારા ઘરે જઈ અનિલ વ્હોરાના મોકલેલ પત્રો વાંચવા બેસી.

પત્રોમાંથી તારા એટલું તારણ કાઢે છે કે :

'... આ બે મહાન દેશો અણુશસ્ત્રો ધારણ કરે છે એટલે એકબીજા પર શંકાશીલ છે એમ નથી. પણ બન્ને વચ્ચે વૈમનસ્ય છે એટલે જ ખરેખર તો એ અણુશસ્ત્રો ધારણ કરે છે. એ વૈમનસ્ય કેવી રીતે ઘટાડવું.'[11]

એવામાં સિલિકોન વેલીથી માર્ક શેફરનો ફોન આવે છે. તે અચ્યુતની સાથે કામ કરે છે. તે જણાવે છે કે અચ્યુત બિમાર છે અને ફ્રિસ્કોની સિવિલ હૉસ્પિટલમાં દાખલ છે. તારા આ જાણી બીજા બે પત્રો વાંચે છે. જેમાં એક અમેરિકાથી આવ્યો હતો જે અચ્યુત અને તારાના ડિવોર્સ માટેનો હતો. જ્યારે બીજો પત્ર લોકલ દૈનિકમાંથી આવ્યો હતો. આ પત્ર બીજે દિવસે બહાર પડનારા પ્રભાના નિબંધની કોપી હતી. વિષય હતો 'વિજ્ઞાન અને વિકલ્પ : 2' - વિઘાતક ક્ષમતા. પ્રભા આ નિબંધમાં અણુબોમ્બનો વિગતે ખ્યાલ રજૂ કરે છે. એમ કહેવાય છે કે તલસ્પર્શી જ્ઞાન આપે છે. હાઈડ્રોજન બોમ્બ વિશે તે લખે છે :

'... આની સામે હાઈડ્રોજન બોમ્બને કોઈ સીમા નડતી નથી અને સામાન્ય રીતે મિસાઈલ્સ 10 મેગા ટનની ક્ષમતા ધરાવતા હાઈડ્રોજન બોમ્બ લઈ ઊડી શકે છે. આવો એક જ બોમ્બ એક જ ઝપાટામાં આઠસો હિરોશિમાના વિનાશ આદરી શકે છે. ફક્ત અમેરિકા અને રશિયામાં જ સ્થાયી - અને યુરોપમાં સ્થિત એવા બોમ્બને ન ગણતાં - એવા અણુબોમ્બ પોતાની 10233 ઈ. એનટી. શક્તિ વડે 10233 ગુણ્યા 80 એટલે કે લગભગ આઠ લાખ 20 હજાર હિરોશિમાના વિનાશ નોતરી રહે છે.'[12]

સજલ દિલ્હી આવ્યો છે. ભારત પ્લાસ્ટિકમાં મોલ્ડ ચોરાયાં છે. મિ. ભગતે કોઈ મહારાજને તેડાવ્યાં છે ને ચોરને પકડવાની કોશિશ કરે છે. મહારાજના ખોટાં પ્રયોગોથી એક કારીગરને તે ચોર જાહેર કરે છે ને એ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

નિર્દોષ માણસને પોલીસ પકડી જાય છે. ત્યાંથી પ્રદ્યોત, સજલ અને મિથુન મિ. ગુપ્તાના રબરના કેબલ્સ બનાવતાં કારખાનામાં જાય છે. સજલ સમગ્ર કારખાનાનું નિરીક્ષણ કરે છે.

સજલ અને પ્રદ્યોત ઓરબીટમાં કોન્ટીનેન્ટલ બ્યુફેમાં આવ્યાં. આ સમયમાં સજલ પ્રદ્યોતને ઓળખવા બર્કલીની વાતો કરે છે. સજલને તારા મેનન યાદ આવે છે. પ્રદ્યોત તારાને ઓળખે છે કે નહીં તે પણ પૂછે છે.

બીજી બાજુ હર્ષદભાઈને હૃદયરોગનો હુમલો આવે છે. પ્રભા સજલને ફોન કરી પાછો બોલાવે છે. સજલ અને પ્રદ્યોત ભારત પ્લાસ્ટિક કારનાખાનામાં જાય છે. અહીં સજલ કારખાનાંની અને કારખાનામાં આવેલી કેબિનની ખૂબ ઝીણવટથી તપાસ કરે છે. સજલ આ તપાસ અંતર્ગત નેગેટીવ પોઈન્ટને મિ. ભગત સામે રજૂ કરે છે. મિ. ભગત પણ મહત્વના ચાર મુદ્દાઓ જણાવે છે.

'સાહેબ, લેબર જુવો. વીજળી પામો. એકસાઈઝને ટેક્સ તપાસો. અને પછી લોકોની હોશિયારીની ગણતરી કરો. મુંબઈની જેમ એકલું ઈન્ટરપ્રાઈઝીંગ થવાથી નહીં ચાલે.'[13]

પ્રદ્યોત આ સમય દરમ્યાન પોતાના પ્રયોગથી ચંપલનું વજન 200 ગ્રામ કરવામાં સફળ રહ્યો હતો. પ્રદ્યોત સજલને પોતાનો રેઝ્યૂમી આપે છે. એમ પોતાના પ્રોમિસને પાળે છે.

પ્રદ્યોતને આત્મકથાનકમાં તેનો જન્મ અમદાવાદમાં, ઉછેર મુંબઈમાં ને એમ એસ.સી. કર્યા પછી બર્કલી આવી પહોંચ્યો. ત્યાં તેનામાં પશ્ચિમી સંસ્કૃતિની અસર જોવા મળી એમ લખે છે.

બીજી બાજુ તારાના પપ્પા બિઝનેસનો પતંગ ચગાવવામાં એટલા તો મશગુલ કે ધર્મ, મોરાલ્સ વગેરે નેવે મૂક્યા હતા. તારાના મમ્મીનું ભાવિ પણ જોખમમાં હતું. તો બીજી બાજુ તારાનું પણ કંઈક એવું જ હતું. તારાના દાદી ચેમ્બુરમાં એક એપાર્ટમેન્ટમાં રહેતા હતા. તારા એમની સાથે રહેતી હતી.

અચ્યુત ખૂબ જ સિરિયસ છે એવો માર્કનો ફોન આવે છે. તારા બર્કલી જવા વિશે દાદીને પૃચ્છા કરે છે કે પછી આમાં અચ્યુતની કોઈ ચાલ છે ?

તારાને સજલ ગમવા લાગ્યો છે પણ સજલ પ્રભાનો પતિ છે. તારાને સજલ અને પ્રભાનો પ્રેમ જોઈ પોતાના અસંતુષ્ટ લગ્નજીવનની ખામીઓ જોવા મળે છે.

જો તારાનું અણુબોમ્બો ફૂટવાથી એની વાતાવરણ પર શી અસર થાય છે તે સંશોધન સફળ થઈ જશે તો તારાનું નામ રાતોરાત મહાન વ્યક્તિઓમાં મુકાઈ જવાની શક્યતાઓ છે. તેથી તે પોતાના સંશોધન પર વધુ ધ્યાન આપતી હતી. છતાં સજલ તરફના એકતરફી પ્રેમથી તે પોતાના જીવનને વધુ ગૂંચવાડામાં નાખતી જતી હતી.

તારા રવિવારના દિવસે પ્રભાને ઘરે જાય છે. તે પોતાના સંશોધનના મુદ્દાઓને પ્રભા અને સજલને કહેવા આતુર હતી. અમર અને સજલ માત્ર ઘરે હોય છે. તારા અમર સાથે સ્પેલિંગની ગેમ શરૂ કરે છે ને બીજી રમત પણ રમે છે.

તારા અને સજલ અણુબોમ્બ વિશે ચર્ચા કરે છે. તારા પ્રભાનો નિબંધ વાંચે છે. 'વિજ્ઞાન અને વિકલ્પ-3' જેમાં પ્રેસિડન્ટ કેનેડીનું અણુશસ્ત્રો પરનું વ્યાખ્યાન તેમજ પ્રભાનો મત 'સર્વ યુદ્ધોનો અંત લાવનારૂં યુદ્ધ' જેમાં અણુશિયાળો, અણુબોમ્બ વિશે તેમજ રશિયા બોમ્બ ફોડે તો શું થાય ? વગેરે બાબતોને અહીં રજૂ કરી છે.

સજલ દિલ્હીમાં રુચિ સાથે મોઘલાઈ હોટલમાં નાસ્તો કરવા જાય છે ત્યાં પદ્મગોપાળ દ્વારા થયેલી ચર્ચાને પત્રની વાત તે સજલને જણાવી દે છે. પ્રદ્યોત ચંપલનું વજન 300 ગ્રામમાંથી 150 ગ્રામ કરવાના પ્રયોગો કરતો હતો. ઉપરાંત રંગબેરંગી ચંપલ બનાવવાના મનસૂબા કરતો હતો. ચંપલ વિશેની ચર્ચા પછી ભગત

સાહેબ પ્રદ્યોત, સજલને મિથુનને ઘરે જમવા માટે આમંત્રણ આપે છે. ભકતસાહેબ તેમના ઘરની બાપદાદા વખતની નિશાની એવી મોજડી બતાવે છે ને તેનો ઇતિહાસ પણ જણાવે છે. એવી જ એક ઘટના પ્રદ્યોત પણ કહે છે.

દિલ્હીમાં સજલ, પ્રદ્યોત, મિથુનને રુચિ સાથે ભોજન લે છે. રુચિ મિથુન સાથે વિદાય લે છે. સજલ પણ પોતાના રૂમ પર જઈ દરવાજો ખોલે છે ત્યારે તે તારાને જુએ છે. તારા સરપ્રાઈઝ આપે છે. સજલ ને તારા વિસ્કી લે છે. તારા સજલનો ફાયદો ઉઠાવે એ પહેલાં તો સજલ પ્રદ્યોતને બોલાવી લે છે. પ્રદ્યોતના આવતાં જ તેના રૂમની ચાવી હાથમાંથી લઈ સજલ પ્રદ્યોતના રૂમ પર ચાલ્યો જાય છે. પછી પ્રદ્યોત અને તારા રૂમ પર એકલા રહી જાય છે.

બીજા દિવસે પ્રદ્યોત પોતે બર્કલીથી મુંબઈ કેમ આવ્યો હતો તેનું કારણ જણાવતાં સજલને કહે છે :

'થેન્કસ! ખરું કહું તો ઈન્ડિયા તારાની શોધમાં જ આવ્યો હતો.'[14]

પ્રભાનો ચોથો નિબંધ 'વિજ્ઞાન અને વિકલ્પ-4', 'સાડત્રીસ વર્ષની પ્રગતિ' છપી ચૂક્યો હતો. તેમાં અણુબોમ્બ ફૂટતાં થતી હોનારત, એનાં અટકાવવાથી 2020નું વર્ષ કેવું રહેશે તેની વિગત તેમજ હવે માત્ર 37 વર્ષનું જ જીવન બાકી રહ્યું હોય તો ઉચ્ચતર, ભવ્યતર અને દિવ્યતર જીવનની સંભાવનાઓ વિશે પ્રભા પોતાના વિચારો રજૂ કરે છે.

બીજી બાજુ સજલના માનસશાસ્ત્રી સંશોધનનોથી પદ્મગોપાળનો સજલ તરફનો દ્વેષભાવ વધ્યો હતો. રુચિ સાથેની સજલની મુલાકાત વિશે મહેતા સાહેબ સજલને બોલાવી સાચી માહિતીની જાણ મેળવે છે. મિ. મહેતા હર્ષદભાઈના 40 વર્ષ જૂના મિત્ર હતા. તે સજલના ચારિત્ર્યથી સંતોષની લાગણી અનુભવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સજલ ઑફિસમાં જાય છે ને તરત પ્રભાનો ફોન આવે છે. અનિલે તેજપાલ હોલમાં એક જાપાની સાધુ ઇશિગૂરોજી અને પ્રભાનું વ્યાખ્યાન રાખ્યું છે. ત્રીજા સ્પીકર તરીકે તારા મેનનું નામ છે.

બીજી બાજુ તારાને માર્ક શેફરનો ફોન આવે છે. અચ્યુતને કોઈ ડ્રગ રિહેબિલિટેશનમાં મહિનો રાખવાનો છે તેની ખબર આપે છે. પૈસાની પણ જરૂર હોય તે પણ જણાવે છે. બીજો ફોન અનિલનો આવે છે. તે તારાને વ્યાખ્યાન આપવા કહે છે. તારા સ્વીકારી લે છે.

તારાને હવે સજલ ભૂલાયો હતો ને પ્રદ્યોતે તેના જીવનમાં સ્થાન લીધું હતું. તારાને ગોલ્ડસ્મિથનો ફોન આવે છે. તે તેનો વકીલ છે. તારા અચ્યુતની તપાસ કરવા જણાવે છે. ગોલ્ડસ્મિથ અચ્યુતની ભાળ મેળવવા માણસને કામે લગાવે છે ને ડાઈવોર્સનું નક્કી કરવાનું કહે છે.

તેજપાલ હોલમાં ઠીકઠીક લોકો ભેગાં થયાં છે. હિરોશીમા પર જ્યારે અણુબોમ્બ પડ્યો ત્યારે પ્રત્યક્ષ આ દ્રશ્યને જોનારા જાપાની સાધુ આજે હાજર હતા. પ્રભાનું કુટુંબ અને તારાએ પણ પોતાનું સ્થાન લઈ લીધું હતું. સૌ પ્રથમ પ્રભા પોતાના ચારેય નિબંધોને વાચા આપે છે.

'... છતાં માનવી તો હજુ પોતાની સ્વાર્થિલી ક્રીડામાં જ વ્યસ્ત છે અને એને પોતાના મૃત્યુનો કે બીજાના સંહારનો જાણે ડર જ નથી. બધાં જ આથી પોતે અમર હોય એમ વર્તે છે. બધાં જ અણુબોમ્બો, નેપામ બોમ્બો, રૉકેટ અને મિસાઈલો બનાવવામાં પડ્યાં છે. બધાં જ જાણએ ઘેર ઘેર ડાયનોસોર્સ ઊછેરી રહ્યાં છે. પણ અજાણે જ. એમને ડાયનોસોર્સ છૂટાં થશે કે મોટા થશે ત્યારે શું વિનાશ આદરશે તેની જાણે કોઈ ચિંતા જ નથી... વિનાશ થતો અટકાવવો એ કદાચ ભાગ્યનો જ ખેલ બની રહે.'[15]

'આપણી આવતી પેઢીઓને આપણા માટે લાગણી થાય, માન થાય, તો ત્યારે, જ્યારે આપણે એમને સુખ, શાંતિ, સમૃદ્ધિ ભરેલી દુનિયા વારસામાં આપી જઈએ. ત્યારે એ લોકો આપણું ગૌરવ કરશે કે આપણે વિનાશ અટકાવવાની ક્ષમતા દર્શાવી છે.'[16]

હવે તારા મેનન પોતાનું વ્યાખ્યાન આપે છે. તારા અહીં કાર્ટૂનનો સહાલો લઈ પોતાની વાતને રજૂ કર છે. તેણે કરેલા સંશોધન પ્રમાણે તે જણાવે છે:

'... જો આપણા અત્યારના અણુબોમ્બમાંથી ફક્ત ત્રીજા ભાગના બોમ્બ ફૂટે તો યે પૃથ્વી પરના બધાં જ જીવોનો સંહાર થાય.'[17]

તારા અણુશિયાળા વિશે પણ જણાવે છે :

'મારા પ્રાથમિક કેલ્કયૂલેશન્સ એમ જણાવે છે કે પૃથ્વી પરનું ટેમ્પરેચર દિવસે પણ વધુ નહીં તો 25-30 ફેરનહીટ નીચે આવી જશે. રાત્રે કદાચ એથી પણ વધુ. વૈજ્ઞાનિકો આને જ ન્યૂક્લિયર વીંટર - અણુશિયાળો કહે છે. આમ તો, સામાન્ય રીતે થોડા સમયના શિયાળાને પહોંચી વળવા આપણી પાસે પૂરતી તૈયારી હોય છે. પણ આ કમોસમનો શિયાળો, ખાસ કરીને આપણા દુનિયાભરના ઘઉં, જુવાર, મકાઈ વગેરેના પાકને એટલું તો ભયંકર નુકશાન પહોંચાડશે કે પછી બાકીની વસ્તી માટે ભૂખમરો એ રોજિંદી ઘટના બની જશે.'[18]

'મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે માનવી હવે પછી ચોથું વિશ્વયુદ્ધ જોઈ શકે એવી કોઈ જ શક્યતા નથી. પ્રશ્ન હવે આપણે ભેગા થઈ એ હલ કરવાનો છે કે ત્રીજા વિશ્વયુદ્ધની કોઈ, નાની અમથી પણ, સંભાવનાને કેવી રીતે તદ્દન નેસ્તનાબૂદ કરવી.'[19]

તારા પોતાના વ્યાખ્યાનના અંતે છેલ્લી સ્લાઈડ સ્ક્રીન બતાવતાં કહે છે,

'... એ બતાવી રહી એવી પૃથ્વી કે જે અણુયુદ્ધથી સર્વનાશ પામી છે અને ફક્ત બે જણા બચ્યા છે. એક બીજાને કહે છે : 'આપણે જીત્યા હોઈએ એમ લાગે છે, નહીં?' '[20]

હવે વારો હતો પેલા જાપાની બૌદ્ધ સાધુ ઇશિગુરોનો. તેમણે થોડોક સમય ગાંધીઆશ્રમ, અમદાવાદમાં વિતાવ્યો હતો. એટલે ગુજરાતી થોડુંઘણું જાણતાં. વ્યાખ્યાનમાં ભાષાની પડતી ભૂલો માટે તેમણે પહેલાંથી જ શ્રોતાઓ પાસે માફી માગી લીધી. તેમણે વ્યાખ્યાન શરૂ કર્યું.

1945માં ઈશિગૂરો શાળામાં ભણતાં હતાં ત્યારે માછલીઓ પકડવા શાળા છોડી બહાર ઝરણાં આગળ ગયા હતા. ત્યાં બે છોકરીઓ એની મમ્મી સાથે આવી હતી. એવામાં બે બી-27 બોમ્બર આકાશમાં જતા હતા. ત્યાર પછીની પરિસ્થિતિ જોતાં:

'એટલામાં જાણે પાણીમાં સૂરજ ઊગ્યો હોય એમ લાગ્યું અને હું ગભરાઈ પડી ગયો. પગ લપસ્યો અને મેં પાણીમાં ડુબકી જ મારી દીધી. મારી આંખ એવી તે ઝાળને લીધે અંજાઈ ગઈ હતી કે ખૂલે એમ નહોતું. એટલામાં જ સખત મોટો અવાજ, ધડાકો સંભળાયો અને મારા માથા ઉપરનું બે-ત્રણ ફૂટનું પાણી જાણે કોઈએ જોરથી દબાવી, ઉછાળી દીધું હોય એમ થયું. હું હતો એનાથી વધુ ઊંડે ડૂબ્યો ને ત્યાં પાણી પ્રમાણમાં ઝીઝરું હોવાથી નીચે તળિયે અથડાયો. મારી આંખ ધક્કાથી ખૂલી હશે કે કોણ જાણે પણ અચાનક મારી સામે જાણે ભીંત ઊભી થઈ ગઈ હોય એમ મને લાગ્યું. ત્યારબાદ થોડી જ ક્ષણોમાં હું પાછો બહાર આવ્યો. મારું નાક, જે આમે ચીબું હતું, તે વધુ પડતું દબાઈ ગયું હતું. હવામાં જાણે આગ લાગી હોય એમ ગરમ થઈ ગઈ હતી. જાણે શ્વાસમાં ગરમ તીખા મરચાંનો સૂપ લેવાતો હોય એમ શ્વાસ લેતાં થયું હતું.'[21]

'ત્યારબાદની વાત લાંબી છે એમ જ ભયંકર છે. ચારે બાજુ લોકો ઘાયલ થઈને પડ્યાં હતાં, કે શબ થઈને પડ્યાં હતાં. સૌથી કરુણ દ્રશ્ય તો એ હતું કે નાના બાળકો પોતાની માતાને હલાવતા, ખેંચતા હતા, તે સમજ્યા વિના કે એમની માતાનો જીવ એના ખોળિયામાં રહ્યો નથી. એ સમજવા માટેપણ એ બહુ નાના હતા. એવું જ કરુણ દ્રશ્ય નાની માતાઓ પોતાના મૃત બાળકોને જગાડવાનો પ્રયત્ન કરતી હતી તે હતું. કોઈ કોઈ એમને સમજાવી, હલબલાવી પાણી છાંટી, તમાચો પણ મારી ઉઠાડવા મથતી હતી. કોઈ એકદમ નાના બાળકોના મોંમા પોતાના સ્તન આપી એમનવે બચાવવા મથતા હતા. પણ આ પ્રસંગ એવો બની ગયો હતો કે નાના બાળકો પણ પોતાની જ માતાનું સાંભલવા જીવિત નહોતા રહ્યા.'[22]

'... લોકોનો જ્યારે છેલ્લો શ્વાસ ચાલતો હોય ત્યારે જ એમને બે ઘૂંટડા પાણી અપાતું. દુઃખની ચિચિયારીઓ સંભળાતી, ઓંકારા સંભળાતા પણ રડવાનો કે ડૂસકાનો અવાજ ભાગ્યે જ સંભળાતો. લોકો દિગમૂઢ થઈ ગયા હતા.'[23]

ઈશિગૂરોજીના માતા પણ મૃત્યુને શરણ થયા હતા. પણ તેમના પિતા વરસો પહેલાં બૌદ્ધ સાધુ બની ક્યાંક ચાલ્યા ગયા હતા તે આજે પાછા મળ્યા હતા. પોતાના વ્યાખ્યાનના અંતે તેઓ ભગવાન બુદ્ધને યાદ કરી એટલું કહે છે કે:

'આપણે સહુ ભગવાન બુદ્ધની કરુણાના પાત્ર છીએ, એ આપણને સન્માર્ગે દોરો.'[24]

ત્યારપછી રવિવારે રજાના દિવસે સાંજે સજલ, અમર અને નીરવ સાથે ચોપાટી ફરવા જાય છે. સજલનો જન્મદિવસ હોવાથી પ્રભા જાણી જોઈને જોડે જતી નથી. ને ઘરે એક સરપ્રાઈઝ પાર્ટી રાખે છે. તે પ્રદ્યોત, તારા અને અનિલને બોલાવી લે છે. સજલ જ્યારે ઘરે આવે છે ત્યારે આ સરપ્રાઈઝ પાર્ટિથી ખૂબ જ ખુશ થઈ જાય છે. પ્રભા અહીં પ્રદ્યોત અને તારાને એકબીજાને નજીક આવતાં જુએ છે. સજલના આ જન્મદિવસે તે પ્રદ્યોતને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

હાઈકુ સંભળાવે છે. પાર્ટિમાં મિથુનનો ફોન આવે છે. પ્રદ્યોત નોકરી છોડવાનું જણાવે છે. તેની સાથે સાથે જ સજલ પણ ટૂંક સમયમાં નોકરી છોડશે એમ જણાવે છે. મિથુનને દુઃખ થાય છે. પ્રદ્યોત બધાંની હાજરીમાં તારા સાથે વિવાહબદ્ધ થવાનું વચન આપે છે પણ જ્યારે તારાના ડાયવોર્સ થાય પછી, અંતે તારા છાપાપમાં જોઈ હર્ષની લાગણી અનુભવે છે. જેમાં ફિઝિક્સનું નોબેલ પારિતોષિક બર્કલીનાં પ્રોફેસર રાસમૂસનને મળ્યું હતું. અંતે હર્ષદભાઈ અમરને રમડાતાં રમાડતાં વર્ષો પહેલાં એના ઘરે એક સંત આવ્યા હતા તેમની વાત કરે છે. સંતે આપેલી શિખામણ હર્ષદભાઈ બધાને કહે છે.

'... આપણને પહેલાં પહેલાં કોઈ કામ ન ગમે, અડવું લાગે, પણ થઈ જાય પછી સમજાઈ જાય કે કોઈ સારું કામ આપણાથી થઈ ગયું છે શું ? બધું જ પહેલેથી ન સમજાય, નસમજાવાય.'[25]

જ્યોત્સનાબહેન બધાંની સફળતામાં વધારો કરતાં ચોકોલેટ ચિપ્સ આઈસ્ક્રિમ આપી મોઢાં મીઠાં કરાવે છે. આમ, અહીં નવલકથાનો અંત સુખદાયી નીવડે છે.

આ નવલકથામાં ભાષાના વર્ણનોના અનેક સ્તર જોવા મળે છે. પ્રદ્યોતની કવિતામાં, પ્રભાના નિબંધોમાં, જાહેરસભાના વ્યાખ્યાનોમાં, પત્રોમાં, પ્રેમીઓની ગોષ્ઠીઓમાં તો બિઝનેસમેનના સંવાદોમાં, ટૂંકમાં પાત્રોચિત, પ્રસંગોચિત અને સ્થળ-કાળ માટે યથોચિત ભાષા પ્રયોજવામાં લેખક સફળ થયાં છે.

આમ, 'વારસો' એ વિજ્ઞાન તેમજ વિજ્ઞાનીઓની કથા છે. સર્જકે તેમની દરેક નવલકથાઓમાં આવતાં ફ્લેસબેક સંગીતની અસર અહીં પણ રજૂ કરી છે ને એમાં ઈમ્પ્રોવાઈઝેશન પણ કર્યું છે. માનવ સંબંધ એ મૂળ વિષય છે. આ વિષય વણસે કે વિકસે ત્યારે કેવા પરિમાણો ઊભા થાય છે તેની અહીં રજૂઆત છે. વિજ્ઞાનના વિદારક અને વિધાયક સ્વરૂપોની વિચારણાને રસમય બનાવવા સર્જકે નિબંધો, ચર્ચા, કવિતા, સંભાષણો,

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પ્રયોગો, રિપોર્ટ લેખન અને બે નાની રમતોનો ઉપયોગ કર્યો છે. આનાથી નવલકથાનો રસ વધી જાય છે.

'1982માં હોનોલૂલૂની મુલાકાત વખતે ટીવી પર જોયેલું, સાંભળેલું યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં અપાયેલું પ્રેસિડન્ટ રોનાલ્ડ રેગનનું વ્યાખ્યાન, જેમાં એમણે રશિયાને એક ઇવિલ એમ્પાયર કહ્યું હતું. અને એ દ્વારા આખાયે વિશ્વમાં તંગદિલી વધારી દીધી હતી તે ઘટનાનામાં 'વારસો'નું બીજ રહ્યું છે.'[26]

અહીં તારાનું અણુબૉમ્બ વિષય પરનું સંશોધન, અસફળ લગ્નજીવન, પણ સફળ પ્રેમજીવન, પ્રભાનું 'વિજ્ઞાન અને વિકલ્પ' નિબંધોમાં તેનું વૈશ્વિક માનવવસ્તી માટેનું તારતમ્ય તો માનસશાસ્ત્રી સજલના નિરીક્ષણોને સર્જકે બહુ જ સરસ અને સફળ રીતે દર્શાવી આપ્યા છે. તેમજ 'વારસો'માં પુખ્ત અવસ્થાની તપાસ આગળ વધારી છે. ખરેખર, સર્જકે અણુબૉમ્બ જેવા એક નવા જ વિષયને લઈને સફળ નવલકથા ગુજરાતી સાહિત્યને ચરણે ધરી છે.

## પાદટીપ

1. 'સ્વાધ્યાય અને સમીક્ષા' - હસિત મહેતા,'ઉદ્દેશ', તંત્રી - રમણલાલ જોશી, એપ્રિલ, 2005, પૃ.343થી 345
2. 'સંકલિત નવલકથા' - પ્રકાશ ત્રિવેદી, 'વારસો', એન. એમ. ત્રિપાઠી કંપની, બીજી આવૃત્તિ-2003, પૃ.35
3. એજન, પૃ.99
4. એજન, પૃ.102
5. એજન, પૃ.115
6. એજન, પૃ.116
7. એજન, પૃ.116
8. એજન, પૃ.126
9. એજન, પૃ.149
10. એજન, પૃ.159
11. એજન, પૃ.172
12. એજન, પૃ.180
13. એજન, પૃ.206
14. એજન, પૃ.266
15. એજન, પૃ.288-289

16. એજન, પૃ.289

17. એજન, પૃ.291

18. એજન, પૃ.292

19. એજન, પૃ.292

20. એજન, પૃ.293

21. એજન, પૃ.295

22. એજન, પૃ.296-297

23. એજન, પૃ.297

24. એજન, પૃ.298

25. એજન, પૃ.309

26. એજન, પ્રસ્તાવના